# પૃથ્વી-૨ નું સફળ પરીક્ષણ

બેલાસોર, તા. ૨૫

ભારતે આજે સવારે પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ઓરિસ્સામાં બેલાસોર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતેથી ૩૫૦ કિલોમીટરની રેન્જ ધરાવતી આ બેલાસ્ટિક મિસાઈલનું સેના દ્વારા યુઝર ટ્રાયલના ભાગરૂપે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સફળ પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. ઓપરેશનલ કવાયતના ભાગરૂપે આઈટીઆરના લોન્ચ સંકુલ-૩ ખાતે મોબાઈલ લોન્ચરથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અતિઆધુનિક મિસાઈલમાં તમામ પ્રકારની સાધનો ગોઠવાયેલા છે. બેલાસોરથી આશરે ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત ચંદીપુર ખાતે ટેસ્ટ રેન્જથી પરીક્ષણ કરાયા બાદ ઉપસ્થિત વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. પૃથ્વી મિસાઈલ દેશના પ્રતિષ્ઠીત ઈન્ટેગ્રેટડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે વિકસીત કરવામાં આવેલી પ્રથમ મિસાઈલ છે. આ મિસાઈલ ૫૦૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકી શકે છે. અધિકારીઓએ કહ્યું છે કે ટ્રાય સર્વિસ સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ (એસએફસી) દ્વારા આ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઈલનું પરીક્ષણ સવારે ૧૧.૦૫ વાગે કરાયું હતું. કોપી બુક ફેશનમાં એસએફસી દ્વારા યુઝર ટ્રાયલ માટે તમામ પેરામીટરોને મૂકવામાં આવ્યા હતા. તમામ પેરામીટરો અને સાધનોની ચકાસણી કરવામાં આવ્યા બાદ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલી ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે આ મિસાઈલનું પરીક્ષણ થયું હતું. મિસાઈલે બંગાળના અખાતમાં અગાઉથી નક્કી કરવામાં આવેલી યોગ્ય અસરકારકતાના તમામ ધારાધોરણો મેળવી લીધા હતા. પૃથ્વી અને અગ્નિ સિરીઝની સ્ટ્રેટેજીક મિસાઈલોના નિયમિત પરીક્ષણો સશસ્ત્ર દળો દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે. પાંચ અસરકારકતાના તમામ ધારાધોરણો મેળવી લીધા હતા. પૃથ્વી અને અગ્નિ સિરીઝની સ્ટ્રેટેજીક મિસાઈલોના નિયમિત પરીક્ષણો સશસ્ત્ર દળો દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે. પાંચ હજાર કિલોમીટરની રેન્જ ધરાવતી અગ્નિ-



૫ મિસાઈલના બીજા પરીક્ષણની હાલમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. આ મિસાઈલનું એપ્રિલ મહિનામાં પ્રથમ વખત પરીક્ષણ કરાયું હતું. ત્રણ તબક્કાની અગ્નિ-૫ મિસાઈલનું વજન ૫૦ ટનની આસપાસ છે અને ઊંચાઈ ૧૭.૫ મીટરની છે. અગ્નિ-૫ મિસાઈલ ચીનના મોટાભાગના વિસ્તારો સુધી ત્રાટકવામાં સક્ષમ છે. વર્ષ ૨૦૧૪-૧૫ સુધી આ મિસાઈલને સંપૂર્ણપણે ઓપરેશનલ બનાવી દેવામાં આવશે. અગ્નિ-૫ મિસાઈલના ચારથી પાંચ વારંવાર પરીક્ષણ કરવામાં આવનાર છે. યુઝર ટ્રાયલ અને નિયમિત પણે પરીક્ષણ બાદ જ આનો ફરી ઓપરેશનલ બનાવવામાં આવશે. સશસ્ત્ર દળો હજુ સુધી પૃથ્વી મિસાઈલને સામેલ કરી ચૂક્યા છે. અગ્નિ-૧ની રેન્જ ૭૦૦ કિલોમીટરની છે. પૃથ્વી-૨ મિસાઈલનું સૌથી પહેલા પરીક્ષણ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૬ના દિવસે કરવામાં આવ્યું હતું. ડેવલપમેન્ટ તબક્કાની પ્રક્રિયા ૨૦૦૪માં પુરી થઈ હતી. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે પરીક્ષણ નિષ્ફળ ગયા બાદ બે વધુ મિસાઈલ પરીક્ષણ કરવામાં આવ્યા હતા જે સફળ સાબિત થયા હતા. આ મિસાઈલની રેન્જમાં હજુ પણ વધારો કરી શકાય છે.

**પૃથ્વી-૨ પ્રોફાઈલ.......**

| | | |
|---|---|---|
| ટાઈપ | : | શોર્ટ રેન્જ બેલાસ્ટિક મિસાઈલ |
| મૂળ સ્થળ | : | ભારત |
| ઉપયોગ | : | ભારતીય સેના |
| મેન્યુફેક્ચરર | : | ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ભારત ડાયનામીક્સ લિમિટેડ |
| પ્રોડ્યુસ | : | ૨૭મી જાન્યુઆરી ૧૯૯૬ |
| વજન | : | ૪૬૦૦ કિલોગ્રામ |
| લંબાઈ | : | ૮.૫૬ મીટર |
| ડાયામિટર | : | ૧૧૦ સીએમ |
| એન્જીન | : | સિંગલ સ્ટેજ લિક્વિડ ફ્યુઅલ |
| ઓપરેશનલ રેન્જ | : | ૨૫૦-૩૫૦ કિમી |
| ગાઈડન્સ સિસ્ટમ | : | સ્ટ્રેપ ડાઉન |
| લોન્ચ પ્લેટફોર્મ | : | લોન્ચર |

## સમાચાર ઝલક

- સરદાર સરોવર નજીક કેવડીયા કોલોનીમાં સરદારની પ્રતિમાના નિર્માણ માટે મળનારા દાનને આયકર મુક્તિ.
- હવે તમારા પૈસે જ તમારી જાસૂસી, સેલફોન ઉપર નજર રાખવાનો ખર્ચ તેમની પાસેથી જ વસૂલાશે.
- રાજ્યની તમામ શાળાને ડાયરેક્ટ ટુ હોમ (ડી.ટી.એચ) હોમ સિસ્ટમથી જોડવા આદેશ.
- ગુજરાતમાં દર ત્રીજા દિવસે એક ખેડૂતનો આપઘાત.
- કેન્દ્રની પનોતિ, આર્યનઓરનું ૨૦૦૦ કરોડનું કૌભાંડ : કેગનો અહેવાલ.
- રેપની પરિભાષા બદલાશે, કાયદો વધુ કડક બનશે, મહિલાઓની સાથે બાળ અપરાધો પણ નિયંત્રણમાં આવશે.
- સોનામાં શું કરવું ? વર્તમાન ભાવે રોકાણ કરવું કે કેમ ? થોભો ને રાહ જુઓની નીતિ અપનાવવી.
- દેશમાં બે કરોડથી વધુ ગેરકાયદેસર બાંગ્લાદેશી, દિલ્હીને એલર્ટ રહેવા ગુપ્તચર આદેશ.
- વિશ્વ પ્રસિધ્ધ કાર શો : 'કોન્કર દ એલિગન્સ'માં રાજકોટનાં રાજવી પરિવારની રોલ્સ રોયસનો દબદબો.
- રાજકોટના ક્રિકેટર ચેતેશ્વર પુજારાને પિતાની સલાહ, સિધ્ધિથી ધ્યાન ભંગ થયો નહીં, ફિલ્ડીંગ પર ધ્યાન આપજે : શ્રી અરવિંદ પૂજારા.
- દર્દીઓને રાહત! હવે આઉટડોર પેશન્ટને પણ વીમા કવચ મળશે, વીમા કંપનીઓની વિચારણા ટૂંક સમયમાં, અમલની જાહેરાત.
- સાઇકલીસ્ટ લાન્સ આર્મ સ્ટ્રોગ કેન્સરમાં યુવરાજને હિંમત આપનાર ખુદની લડતથી હાર્યો.
- અમેરિકાના વિશ્વ વિખ્યાત એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ બહાર હુમલો, બેનાં મોત આઠ ઘાયલ.
- 'નીટ'ની પરીક્ષા હવે ગુજરાતી ભાષામાં આપી શકાશે.
- ૭૭ લોકોના હત્યારા બ્રેવિકને ૨૧ વર્ષની જેલની સજા કરાઇ, અતિ આધુનિક સુરક્ષાવાળી જેલમાં રખાયો.
- સોમનાથમાં આસરામનો કાર્યક્રમ રદ્દ થતાં તંત્રનો સખ્ત બંદોબસ્ત.

## પીએમના આવાસ પર આજે ઘેરાવ : છ મેટ્રો સ્ટેશનો બંધ

નવી દિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન મનમોહનસિંહ અને ભાજપ પ્રમુખ નિતિન ગડકરીના આવાસ ખાતે ઘેરાવ કરવાની યોજના અરવિંદ કેજરીવાલ અને અન્યોએ તૈયાર કરી લીધી છે. ઘેરાવની યોજનાના પરિણામ સ્વરૂપે સાવચેતીના પગલા રૂપે છ મેટ્રો સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દિલ્હી મેટ્રોના પ્રવક્તાએ કહ્યું છે કે કેન્દ્રિય સચિવાલય, પટેલ ચોક, રેસકોર્સ, ઉદ્યોગભવન, જોર બાગ, ખાન માર્કેટના સ્ટેશન સવારે ૮.૦૦ વાગ્યાથી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. કેન્દ્રિય સચિવાલય પર મેટ્રોલાઈન બે અને છના યાત્રી ટ્રેનની બદલી કરી શકશે. પ્રવક્તાના જણાવ્યા મુજબ દિલ્હી પોલીસના આદેશ અનુસાર મેટ્રો સ્ટેશનને બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. અત્રે નોંધનિય છે કે બંધ રહેનાર ત્રણ સ્ટેશન વડાપ્રધાનની આવસની નજીકના છે. અણ્ણાના એક વખતના સમર્થકોએ દિલ્હી મેટ્રોની આ કાર્યવાહીને લોકોના મુળભુત અધિકારોની હત્યા તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. સરકાર અડચણો ઉભી કરશે તો પણ લોકો વિરોધ કરશે. બીજીબાજુ વિરોધ કાર્યક્રમને કચડી નાંખવા સરકારે દિલ્હી પોલીસને જવાબદારી સોંપી દીધી છે. ગડકરીના આવસા પર ઘેરાવની યોજના સામે અરવિંદ કેજરીવાલ અને કિરણ બેદી વચ્ચે મતભેદની સ્થિતી દેખાઈ રહી છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને મનમોહનસિંહના આવાસ પર ઘેરાવ કરવામાં આવે તેવી ઈચ્છા કિરણ બેદીએ વ્યક્ત કરી છે. કેજરીવાલે કહ્યું છે કે સવારે ૧૦.૦૦ વાગે જંતરમંતર પર અમે એકત્રીત થઈશું. બીજીબાજુ પોલીસે વડાપ્રધાનના આવસ પર ઘેરાવ મામલે કેજરીવારને ચેતવણી આપી છે અને કહ્યું છે કે કોઈપણ જોગવાઈનો ભંગ કરવા બદલ કાયદાકિય પગલા લેવાશે. અગાઉ જંતરમંતર ખાતે દેખાવ વેળા નિયમોનો ભંગ થયો હતો.

## રાજધાની એક્સપ્રેસને લઇને મોટી દુર્ઘટના ટળી

કરનુલ, તા. ૨૫

રાજધાની એક્સપ્રેસ એક મોટી દુર્ઘટનાથી બચી જતા તંત્રને મોટી રાહત થઈ છે. મળેલી માહિતી મુજબ દિલ્હીથી બેંગ્લોર જતી રાજધાની એક્સપ્રેસ કુરનુલ જિલ્લામાં અદોની રેલ્વે સ્ટેશન નજીક સિગ્નલથી ખસી જઈને અન્ય ટ્રેક પર જતી રહી હતી. જેના પરિણામ સ્વરૂપે આ ટ્રેક ઉપર અન્ય એક ટ્રેન પણ હતી. આ બનાવ ગઈકાલે બન્યો હતો. બનાવની જાણ થયા બાદ ટ્રેનને તરત જ આ ટ્રેક ઉપર સામેથી આવતી દુરંટો એક્સપ્રેસ સાથે સંભંવિત ટક્કરને ટાળવા રોકી દેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે તાજેતરમાં જ મેંગલોરમાં તમિલનાડુ એક્સપ્રેસને આવરી લેતી મોટી દુર્ઘટના થઈ હતી. જેમાં ૩૦ યાત્રીઓના મોત થયા હતા. રાજધાની એક્સપ્રેસને આવરી લેતી મોટી દુર્ઘટના ટળી જતા તંત્રમાં ભાગદોડ મચી ગઈ છે. રેલવે તંત્રના સુત્રોએ કહ્યું છે કે બંને સુપરફાસ્ટ ટ્રેનમાં ૧૨૦૦થી ૧૫૦૦ યાત્રીઓ હતા. સાઉથ સેન્ટ્રલ રેલવે (એસસીઆર)ના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે રાજધાની એક્સપ્રેસના ડ્રાઈવરે અદાની ખાતે ડેન્જર સિગ્નલ પર ધ્યાન આપ્યું ન હતું અને આશરે એક કિલોમીટર સુધી ટ્રેનને આગળ વધારી દીધી હતી. આખરે આ અંગેની જાણ થઈ હતી અને ટ્રેનને તરત જ રોકી દેવામાં આવી હતી. દુરંટો એક્સપ્રેસ પણ આ જ ટ્રેક ઉપર આવી રહી હતી. સત્તાવાળાઓએ ત્યારબાદ આ દુર્ઘટનાને ટાળી દીધી હતી. દુરંટો એક્સપ્રેસને મેઈન લાઈન ઉપર આગળ વધવા મંજુરી આપવામાં આવી હતી. રાજધાની એક્સપ્રેસને અદોની સ્ટેશન ઉપર લાવવામાં આવી હતી. દુરંટો એક્સપ્રેસ બેંગ્લોરથી દિલ્હી તરફ જઈ રહી હતી. સુત્રોએ કહ્યું છે કે બે સુપરફાસ્ટ ટ્રેન વચ્ચે અંતર માત્ર સાત કિલોમીટર જ હતું. એક જ ટ્રેક ઉપર હોવાથી મોટી દુર્ઘટના થઈ હોત. દુરંટોને આગળ વધવાની ત્યારબાદ મંજુરી આપવામાં આવી હતી. રાજધાની એક્સપ્રેસને બે કલાક સુધી રોકી દેવામાં આવી હતી. ડ્રાઈવરે દાવો કર્યો હતો કે ઓટોમેટીક બ્રેકિંગ સિસ્ટમ ફેઈલ થઈ ગઈ હતી. એકને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો છે. મામલામાં વધુ તપાસ હાથ ધરાઈ છે.

## દિલ્હીમાં ભારે વરસાદ બાદ ટ્રાફિક જામ

નવી દિલ્હી, તા. ૨૫

રાષ્ટ્રિય પાટનગર દિલ્હીમાં આજે સવારે ભારે વરસાદ પડ્યો હતો જેથી ઘણાં વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતી સર્જાઈ હતી. કલાકો સુધી લોકોને જુદી જુદી જગ્યાઓએ ઉભા રહેવાની ફરજ પડી હતી. ઘણા માર્ગો ઉપર પાણી પણ ભરાઈ ગયા હતા. હવામાન કચેરીએ કહ્યું છે કે નોંધાયેલા વરસાદના આંકડા હજુ સુધી મળી શક્યા નથી. પરંતુ ટ્રાફિક વિભાગનું કહેવું છે કે વાહનવ્યવહારને અસર થઈ હતી. દક્ષિણ અને મધ્ય દિલ્હીમાં સૌથી વધારે અસર થઈ હતી. જે વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતી જોવા મળી હતી તેમાં રીંગ રોડ અને એન્ડ્રુ ગંજ ચોક વિસ્તારનો સમાવેશ થાય છે. જ્યારે ડિફેન્સ કોલોની મેટ્રો સ્ટેશનથી લાજપથ નગર ખાતે પણ ટ્રાફિક જામની સ્થિતી રહી હતી. દિલ્હીના આઝાદ માર્કેટ ખાતે પણ મુશ્કેલી પડી હતી.

## કોસ્મેટીક ઇન્ડસ્ટ્રી માટેનું કદ હવે ૨૦૦૦૦ કરોડની નજીક

નવી દિલ્હી, તા. ૨૫

વિશ્વના અન્ય દેશોની સાથે સાથે ભારતમાં પણ કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીનું કદ દિનપ્રતિદિન મજબૂત બની રહ્યું છે. કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીનું કદ સતત વધતાં આ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કરી રહેલા લોકોની સંખ્યા પણ વધી રહી છે. કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીમાં ભાવિ બનાવવા માટે યુવા પેઢી સજ્જ બની છે. વધુ ખૂબસુરત દેખાવાની સ્પર્ધા માત્ર શહેરી વિસ્તારોમાં જ નહીં બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીનું કદ આગામી દિવસોમાં પણ વધુ ઝડપથી આગળ વધશે અને મજબૂત થશે. એસોસીએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૪ સુધી ભારતમાં કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીનું કદ વધીને ૨૦,૦૦૦ કરોડ સુધી પહોંચી જશે. આ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીએ માત્ર શહેરી વિસ્તારો ઉપર જ નહીં બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ સંકંજો જમાવ્યો છે. કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીનું પ્રભુત્વ વધી રહ્યું છે. લોકોની ખરીદી શક્તિ વધી છે. સાથે સાથે ફેશન પ્રત્યે લોકોની જાગૃતિ વધી છે. ઈન્ડસ્ટ્રી દ્વારા એવી ચોક્કસ પ્રાઈઝમાં અસરકારક પ્રોડક્ટ પણ બનાવવામાં આવી છે. માશ માર્કેટ કેટેગરી હેઠળની પ્રોડક્ટની કિંમત રૂપિયા ૫૦થી લઈને રૂપિયા ૨૦૦ વચ્ચેની છે. જ્યારે મીડલ માર્કેટમાં પ્રોકડ્ટની રેન્જ ૨૦૦થી ૧૦૦૦ રૂપિયાની છે જ્યારે હાઈ એન્ડ માર્કેટમાં પ્રોડક્ટની રેન્જ ૧૦૦૦થી ૧૦,૦૦૦ વચ્ચેની છે. જ્યારે પ્રીમિયમ રેન્જની પ્રોડક્ટની કિંમત ૫૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે કોસ્મેટીક પ્રત્યેક માત્ર મહિલાઓ જ નહીં પરંતુ પુરુષો પણ આકર્ષિત થયા છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે પુરુષોનું કોસ્મેટીકમાં મહિને ખર્ચ ૬૦થી ૮૦ ટકા સુધી વધી ગયો છે. ફેશન ઈન્ડસ્ટ્રીની બોલબાલા વધવા માટે ઘણા કારણો જવાબદાર છે. વિશ્વભરમાં ફેશનના ક્ષેત્રમાં ભારતીયોનો દબદબો શરૂ થઈ ચૂક્યો છે. વિશ્વ સૌંદર્ય સ્પર્ધાઓમાં ભારતીય યુવતીઓ હવે છવાઈ ગઈ છે. યુક્તા મુખી, ડાઈના, લારા દત્તા, પ્રિયંકા ચોપડા, દિયા મિર્ઝા, ઐશ્વર્યા રાય અને સુસ્મિતા સેન જેવી અભિનેત્રીઓ ભારતને સૌંદર્યના તાજ અપાવી ચૂકી છે. ૧૯૮૨થી પહેલાં આને લઈને ઓછી જાગૃતિ હતી. પરંતુ છેલ્લા થોડાક વર્ષોમાં આને લઈને જાગૃતિની સાથે સાથે આને આગળ વધારવાની સ્પર્ધા પણ શરૂ થઈ છે. આ જ કારણસર ભારતીય બજારમાં કોસ્મેટીક ઈન્ડસ્ટ્રીનું કદ પણ વધ્યું છે.

## કોલસા કાંડ મામલે વડાપ્રધાન સોમવારે દેશને સંબોધશે

નવી દિલ્હી, તા. ૨૫

કોલસા બ્લોક ફાળવણીના મામલે ભાજપના નેતૃત્વમાં વિરોધ પક્ષો આક્રામક મૂડમાં છે અને વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માંગ ઉપર મક્કમ બનેલા છે. છેલ્લા ચાર દિવસથી સંસદની કામગીરી પણ ચાલી શકી નથી. કોલસા બ્લોક ફાળવણીના મામલે ભારે હોબાળો થયા બાદ વડાપ્રધાન મનમોહનસિંહ તેમનું વલણ સ્પષ્ટ કરવા સોમવારના દિવસે દેશને સંબોધન કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેગના અહેવાલના મામલે તેમનું વલણ સ્પષ્ટ કરવા દેશને તેઓ સંબોધન કરનાર છે.

કેગના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે કોલસા બ્લોકની ફાળવણીના કારણે રાષ્ટ્રીય તિજોરીને ૧.૮૬ લાખ કરોડનો ફટકો પડ્યો હતો. સંસદમાં વિરોધ પક્ષની આક્રમક વ્યૂહરચનાનો સામનો કરવા યુપીએ સરકારની નવી વ્યૂહરચના તરીકે પણ આને જોવામાં આવે છે. આ ઉપરાંત વિરોધ પક્ષોએ સરકાર ઉપર આકરા પ્રહારો જારી રાખ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિરોધ પક્ષો સંસદની કામગીરી ખોરવી રહ્યા છે. સોમવારના દિવસે સર્વપક્ષીય મિટીંગ પણ બોલાવવામાં આવી છે જેમાં મરાગાઠનો ઉકેલ શોધી કાઢવામાં આવશે. વડાપ્રધાન મનમોહનસિંહ મંગળવારે ઈરાન જવા રવાના થઈ રહ્યા છે. તેઓ બિનજોડાણવાદી ચળવળ (નામ)ની શિખર બેઠકમાં હાજરી આપનાર છે આવી સ્થિતિમાં તેઓ રાષ્ટ્રને સંબોધન કરીને બિન જરૂરી વિવાદ ટાળવા માગે છે. મનમોહનસિંહ સંસદમાં પણ નિવેદન કરી શકે છે.

## રાજસ્થાનમાં ભારે વરસાદ બાદ મૃતાંક વધીને ૩૩ થયો

જયપુર, તા. ૨૫

રાજસ્થાનમાં અતિ ભારે વરસાદ બાદ મોતનો આંકડો વધીને ૩૩ ઉપર પહોંચી ગયો છે. બચાવ અને રાહત કામગીરીમાં સેનાને બોલાવી લેવામાં આવી છે. ઘણા વિસ્તારોમાં હજુ પણ પૂર જેવી સ્થિતિ સર્જાયેલી છે. ઘણા જિલ્લાઓમાં ફૂડ પેકેટોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ૯મી ઓગસ્ટના દિવસે રાજસ્થાનમાં ૨૯.૬૯ ટકા ઓછો વરસાદ હતો અને દુષ્કાળની દહેશત રહેલી હતી પરંતુ હવે સામાન્ય વરસાદ કરતા ૪.૮૯ ટકા વધુ વરસાદ થઈ ચૂક્યો છે. છેલ્લા બે દિવસમાં અતિ ભારે વરસાદ થયો હતો. મોતનો આંકડો ઝડપથી વધીને ૩૩ ઉપર પહોંચ્યો છે. વીજળીના કરંટ લાગવા, મકાન ધારાશાયી થવાના બનાવો બન્યા છે. સૌથી માઠી અસર સિકર, ચુલુ, ઝુઝનું, ધોલપુર, ભરતપુર અને ડોસામાં થઈ છે. આ જિલ્લાઓમાં નીચાણવાળા વિસ્તારોમાં રાહત ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર જયપુરમાં પણ પાણી ભરાયેલા છે. ઘણી કોલોનીમાંથી પાણી બહાર કાઢવા વહીવટી તંત્રએ જરૂરી મશીનો ગોઠવ્યા છે. હજારો લોકોને રાહત કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. જયપુરમાં નીચાણવાળા વિસ્તારો, સિકર જિલ્લામાં લક્ષ્મણગઢ અને નવલગઢ જિલ્લામાં પાણી ભરાયેલા છે. ધોલપુર જિલ્લામાં પણ હાલત કફોડી બનેલી છે. સેના દ્વારા જયપુર અને સિકર જિલ્લામાં રાહત કામગીરીમાં મદદ કરવામાં આવી રહી છે. સંરક્ષક પ્રવક્તા એસ ડી ગૌસ્વામીએ કહ્યું છે કે સેનાની ટૂકડી સિકરમાં પણ મોકલી દેવામાં આવી છે. રાજસ્થાન સરકારની વિનંતી બાદ કેન્દ્રીય ટીમ પણ પહોંચે તેવી શક્યતા છે. સિકર શહેર અને લક્ષ્મણગઢ શહેરમાં સૌથી માઠી અસર થઈ છે. જયપુર અને ડોસા જિલ્લામાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

## સ્થાનિક વિમાની પ્રવાસીની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો

નવી દિલ્હી, તા. ૨૫

સ્થાનિક વિમાની યાત્રીઓની સંખ્યામાં જુલાઈ મહિનામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. છેલ્લા સાત વર્ષમાં સૌથી મોટો ઘટાડો આ ગાળા દરમિયાન થયો છે. ગયા વર્ષે આ જ મહિનામાં ૫૦.૪ લાખ વિમાની યાત્રીઓ નોંધાયા હતા જેની સરખામણીમાં આ વર્ષે આ મહિનામાં ૪૫.૪ લાખ યાત્રીઓ નોંધાયા છે. તેમાં ૧૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. સ્થાનિક વિમાની યાત્રા કરનાર લોકોની સંખ્યા સાત વર્ષની નીચી સપાટીએ જુલાઈ મહિનામાં પહોંચી છે. આના માટે ઘણા કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. સ્થાનિક એર ટ્રાવેલમાં છેલ્લા ત્રણ મહિનામાં સ્થિતિ સારી રહી નથી. અગ્રણી પ્રવાસ એજન્ટનું કહેવું છે કે વિમાની ભાડા આ જુલાઈ મહિનામાં ૩૦થી ૪૦ ટકા વધારે રહ્યા છે. આ ઉપરાતં નવા વિમાની મથક ચાર્જ પણ વધ્યા છે જેથી માંગ ઘટી છે. જેટ એરવેઝ અને એર ઈન્ડિયાએ તેમના પ્રવાસ એજન્ટોના કમીશનને ત્રણ ટકાથી ઘટાડીને એક ટકા કરી દીધો છે જેથી એજન્ટો પણ સેલ્સને લઈને વધારે આશાવાદી રહ્યા નથી.

એર લાઈનના એક વરિષ્ઠ અધિકારીએ કબૂલાત કરતા કહ્યું છે કે વિમાની ભાડા ખૂબ ઊંચા છે પરંતુ તેઓએ આશા વ્યક્ત કરી છે કે ઓકટોબરથી ડિસેમ્બરના ગાળા દરમિયાન વિમાની યાત્રામાં વધારો થશે. કિંગફિશરની સેવા બજારમાંથી લગભગ આઉટ થઈ ચૂકી છે. એર લાઈન્સ ભાડામાંથી તેમના ખર્ચની રિકવરી કરી રહી છે. ગયા વર્ષે હાલત કફોડી બની ગઈ હતી. કારણ કે એર ઈન્ડિયાના પાઈલોટો હડતાળ પર જતા રહ્યા હતા. ઊંચા ભાડા ઉપરાંત એરપોર્ટ પર ખર્ચમાં વધારો થયો છે. દિલ્હી એરપોર્ટે એરલાઈન ચાર્જમાં ૩૪૬ ટકાનો વધારો કરી દીધો છે. ડીજીસીએના જણાવ્યા મુજબ કિંગફિશર દ્વારા જુલાઈ મહિનામાં સૌથી વધુ ફ્લાઈટો રદ કરવામાં આવી છે જ્યારે એર ઈન્ડિયા દ્વારા ઘણી ફ્લાઈટો રદ કરવામાં આવી છે.

## મારી નજરે (પાના નં. ૪ નું ચાલુ)

મગન ભૂખણનું વતન પાટણ હતું. તેણે કડી પ્રદેશમાં બળવાખોરોની ભરતીનું મહત્વનું કામ કર્યું હતું. ૨૦૦૦ વિપ્લવીઓ, ૧૫૦ અશ્વારોહી વિપ્લવીઓ તેણે તૈયાર કર્યા. વડોદરાના મેજિસ્ટ્રેટ જે.ઈ. એલિફન્ટના પત્ર મુજબ, 'મગન ભૂખણ છેક ઓખાના વાઘેરાની સાખે સંપર્કમાં હતો.' કડી, તારંગા, ખેરાલુ, વીજાપુર, ઈન્દ્રીસીમાં તેણે વંટોળની માફક ઉત્સાગ જગાવ્યો હતો.

પહેલીવારની નિષ્ફળતાથી મગનલાલ હતાશ ન થયો. બાપુરાવના પકડાયા પછી તેણે તારંગાનાં જંગલોમાં મોરચો ખોલ્યો. સીપોર, સરણા, છાબલિયા, કબીરપુર, દમલા ગામોમાં કોળી સમુદાયની નવી ભરતી કરી! ત્યાંથી વીજાપુર તાલુકાના મંડાલી અને ખરોળ ગામની વચ્ચે સૌ એકત્રિત થયા. આ વિપ્લવીઓને સાત અને દસ રૂપિયાનો પગાર પણ તેણે બાંધી આપ્યો હતો!

પિલવાઈ પણ સામે હતું. પણ નિશાન બનાવાયું લોદરા. વરસોવા ઠાકોર અને ગાયકવાડનો અરધો અરધો ભાગ આ ગામમાં હતો. મગનલાલની ટુકડી અહીં ત્રાટકી, ૨૦૦૦ સિપાઈ અને ૫૦ અશ્વોરોહી વિપ્લવીઓએ હુમલો કર્યો. પણ મેજર એંડુઝ મોટી ટુકડીઓ લઈને આવી પહોંચ્યો હતો. વરસોવા ઠાકોરના સિપાહીઓ પણ સાથે રહ્યા અને પરિણામે મગન ભૂખણના વિપ્લવીઓએ પીછેહઠ કરવી પડી. પણ લોદરા ઘટનાથી ભયભીત ઈડર રાજવીએ કંપની સરકારની વધુ કુમક માગી. મેજર વ્હાઈટલોકે તે માગણી માન્ય કરીને દેશી સિપાહીઓની એક રેજિમેન્ટ, ગોલંદાઝોની એક કંપની અને ૩૦૦ ઊંટ સવાર પૂરા પાડ્યા.

મગન ભૂખણ માટે પછીના દિવસો અવિશ્વાસ અને આંતરિક સંઘર્ષના આવ્યા. કલોલ તાલુકાના રિદ્રોલમાં તેને પૂછવામાં આવ્યું કે મદદની વાત થઈ હતી તે કેમ ના મળી ? પિલવાઈમાંયે આ સવાલ ઊઠેલો. અહીં વિપ્લવીઓમાં ભાગલા પડ્યા એટલે મગન ભૂખણ સમૌ તરફ જવા નીકળ્યો. સાથે કેટલાક વિશ્વાસુ સાથીઓ જ રહ્યા હતા. બે ગાયકવાડી સૈનિકોએ દગો કરીને સમૌના થાણેદારને બાતમી આપી દીધી એટલે મેજર અગરની સૈનિક ટુકડીએ મગન ભૂખણ અને તેના અગિયાર સાથીદારો પર હલ્લો કરીને પકડ્યા. તેના પર કલેકટર હેડાઉ અને જનરલ રોબર્ટસે મુકદમો ચલાવ્યો અને ૨૧ ડિસેમ્બર, ૧૮૫૭ના ફાંસી, તોપ, કાળાપાણીમાં આ નરવીરો શહીદ થયા.

સમૌમાં દર વર્ષે આ શહીદોની ખાંભી પર પુષ્પાંજલિ થાય છે, પણ તેનો ઈતિહાસ વિદ્યાર્થીઓને કેમ નહીં ભણાવાતો હોય? સ્થાનિક ઘરદીવડાઓનાં અજવાળાંને પારખવાની આ ઘડી નથી?